વડીલોને વંદન અભિનંદન



મહંમદભાઈ રહેમાનભાઈ શેખ
(૧૯૪૮) મો. ૯૯૦૪૪૧૯૨૨

‘રૂર્બન’ યોજના હેઠળ પ્રથમ તબક્કામાં ૨૫૫ ગામોમાં સુવિધા પૂરી પાડવાની કામગીરી શરૂ

ગાંધીનગર, તા. ૬

રાજ્યમાં ઝૂંપડા કે કાચા મકાનો ધરાવતા પરિવારોના મકાનોને પાકા કરવાની દિશામાં રાજ્ય સરકાર ઝડપભેર આગળ વધી રહી છે. જે મકાનોનો કોઈપણ યોજનામાં સમાવેશ ન થયો હોય તેવા કાચા મકાનો ઉપરાંત ઝૂંપડાઓને સરવે કરી તેના ડોકયુમેન્ટેશનનું કામ ૩૧ માર્ચ, ૨૦૧૩ સુધીમાં પૂર્ણ કરી દેવાશે.

પંચાયત મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે જિલ્લા વિકાસ અધિકારી તથા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકોની યોજાયેલી બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો. મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિધાનસભાની ચૂંટણી પહેલાં રાજ્યના કાચા મકાનોને પાકા બનાવી દેવાની કરેલી જાહેરાતના અમલીકરણના પ્રથમ તબક્કામાં સરવેની કામગીરી ઝડપભેર પૂર્ણ કરાશે.

આ ઉપરાંત મુખ્ય મંત્રીશ્રીના સ્વૈ સમી “રૂર્બન” -“આત્મા ગામડાનો, સુવિધા શહેરની” યોજના અંતર્ગત પ્રથમ તબક્કામાં ૨૫૫ ગામોને ‘રૂર્બન’ યોજના હેઠળ સમાવીને વર્ષ ૨૦૧૩-૧૪ સુધીમાં આ ગામોમાં તમામ કામ પૂર્ણ કરી દેવાશે.

આ બંને યોજનાઓ ઉપરાંત પંચાયત વિભાગ અને ગ્રામ વિકાસ વિભાગ હેઠળની તમામ યોજનાઓની પ્રગતિ અને અમલીકરણની પ્રક્રિયાની સમીક્ષા કરતા મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, ‘રૂર્બન’ યોજનાની સફળતાથી ગુજરાતને તો યશ મળશે જ પણ તે સાથે શહેરીકરણ અને બીજી તરફ તૂટતા ગામડાંની સમગ્ર દેશની સમસ્યાના ઉકેલની દિશા પણ દેશને ગુજરાત ચીંધશે. ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં ૧૦,૦૦૦ અને આદિવાસી વિસ્તારોમાં ૭,૦૦૦ની વસતિ ધરાવતાં ગામોમાં આ યોજનાનો અમલ થશે.

ગ્રામ વિકાસ વિભાગની યોજનાઓ અંતર્ગત મનરેગા, વોટરશેડ, મિશન મંગલમ્ જેવી ગ્રામલક્ષી યોજનાઓની પણ બેઠકમાં સમીક્ષા કરાઈ હતી. મંત્રી શ્રી ચુડાસમાએ તે યોજનાના લક્ષ્યાંકની ઝડપથી પૂર્તિની સાથે તેની ગુણવત્તાની જાળવણી પર પણ ખાસ ભાર મુકયો હતો. આ રાજ્ય સ્તરીય બેઠકમાં શ્રી પૂનમચંદ પરમાર તથા વિકાસ કમિશનર શ્રી એ. રાકેશે મિશન મંગલમ્, મનરેગા, આવાસ યોજનાઓ, વોટરશેડ જેવી અનેક યોજનાઓના લક્ષાંક સામે ચાલુ વર્ષની કામગીરીની પ્રગતિની સમીક્ષા કરી તમામ યોજનાઓ ઝડપભેર પૂર્ણ થાય તે માટે જિલ્લા વિકાસ અધિકારીઓને સૂચના આપી હતી.

સાંઈ મંત્ર, રામ મંત્ર લેખનની બુક વિનામૂલ્યે મળશે

ગાંધીનગર, તા. ૬

‘ડ્રીમ લેન્ડ પરિવાર’ તરફથી સાંઈ મંત્ર લેખન તથા ‘રામ મંત્ર લેખન’ બુક વિનામૂલ્યે પુરી પાડવાનું આયોજન કરવામાં આવ્યું છે.

સર્વ શહેરીજનોએ ડ્રીમ લેન્ડ કન્સલ્ટન્ટ, ૩૦૨, શાલીન કોમ્પલેક્ષ, સેક્ટર-૧૧, ગાંધીનગર ખાતેથી સમય ૧૧ થી ૬ દરમિયાન સાંઈ મંત્ર, રામ મંત્ર લેખનની બુક મેળવી લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

કેન્દ્રમાં ગુજરાતના પડતર પ્રશ્નોની પુસ્તિકા તૈયાર કરવા કવાયત : સાંસદોની ટૂંકમાં મળનારી બેઠક

ગાંધીનગર, તા. ૬

કેન્દ્રમાં ગુજરાતના પડતર પ્રશ્નોની યાદી તૈયાર કરવાની કવાયત સામાન્ય વહીવટ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી છે અને આગામી એક સપ્તાહમાં ગુજરાતના સાંસદોની એક બેઠક પણ યોજાનાર હોવાનું જાણવા મળે છે.

સામાન્ય વહીવટ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ૨૧મી ફેબ્રુઆરીથી લોકસભાનું સત્ર શરૂ થઈ રહ્યું છે. આ સત્ર દરમ્યાન સાંસદો કેન્દ્રમાં ગુજરાતના પડતર પ્રશ્નો અંગે અસરકારક રજુઆત કરી શકે તે માટે પડતર પ્રશ્નોની વિગતો સાથેની એક પુસ્તિકા તૈયાર કરવાની કામગીરી વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી છે.

કેન્દ્રમાં ગુજરાતના પડતર પ્રશ્નોની યાદીમાં વધારો થવા પામ્યો છે અને પડતર પ્રશ્નોની સંખ્યા વધીને ૯૦ જેટલી થવા પામી છે. કેટલાક પ્રશ્નો તો છેલ્લા ઘણા લાંબા સમયથી કેન્દ્રમાં પડતર છે. આ પ્રશ્નોના નિરાકરણ માટે રાજ્ય સરાર દ્વારા અનેકવાર રજૂઆતો કરવા છતાં પણ આજ સુધી આ પ્રશ્નોનો ઉકેલ આવ્યો નથી.

સામાન્ય વહીવટ વિભાગ દ્વારા વિવિધ વિભાગો પાસેથી તેમને સ્પર્શતા કેન્દ્રમાં પડતર પ્રશ્ન અને સરકાર કક્ષાએથી કરાયેલી રજુઆતો સહીતની વિગતો એકત્રીત કરી દેવામાં આવી છે. અને તમામ વિભાગોના પ્રશ્નોને સંકલીત કરીને એક પુસ્તિકાના રૂપમાં તૈયાર કરવા માટેની કવાયત હાથ ધરવામાં આવી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાતને સ્પર્શતા કેન્દ્રના પડતર પ્રશ્નો અંગેની જાણકારી સાંસદો મળી રહે અને આ પ્રશ્નોના ઉકેલ માટે સંસદમાં અસરકારક રજુઆત કરી શકે તે માટે આગામી ટુંક સમયમાં ગુજરાતના સાંસદોની એક બેઠક રાજ્ય સરકાર દ્વારા યોજવામાં આવનાર છે. જેમાં સાંસદો આ પુસ્તિકા આપીને કેન્દ્રમાં પડતર ગુજરાતના પ્રશ્નો અંગેની વિગતવાર માહિતી આપીને આ પ્રશ્નોના ઉકેલ માટે તેમની કક્ષાએથી કેન્દ્ર સરકારમાં અસરકારક રજુઆત કરવા માટે સાંસદોને અનુરોધ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આજે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ વડાપ્રધાનને મળીને ગુજરાતના કેટલાક મહત્વના પ્રશ્નો અંગે રજૂઆત કરી હતી.

હિંમતનગરના ન્યાય મંદિર વિસ્તારમાંથી દુકાનદારની રોકડ ભરેલ બેગની તડફંચી

હિંમતનગર, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરના ન્યાય મંદિર વિસ્તારમાં આવેલ ગુજરાત ઓટો કન્સલ્ટના માલિક અને પાણપુર પાટિયા પાસે રહેતા ઈમ્તિયાજ હુસેન રસુલબાઈ મેમણ બુદવારના રોજ રાબેતા મુજબ સવારે ૯.૩૦ વાગે સુમારે ઘરેથી એક્ટીવા નંબર જીજે-૯-એબી-૬૩૮૫ લઈને પોતાની દુકાને આવ્યા હતા અને અને એક્ટીવા દુકાન આગળ પાર્ક કરી દુકાનનું શટર ખોલી પોતાની પાસેનું લેપટોપ બેગ જેમાં ટુ વ્હીલરની આરસીબુકો, બેંકોની પાસબુકો અન્ય દસ્તાવેજો સહીત રોકડ ૫૦ હજારથી વધુની ભરેલી લેપટોપ બેગ દુકાનની અંદર ખીલી પર ભરાવીને દુકાનમાંથી બાઈક બહાર કાઢી હતી અને ટેબલ સાફ કરતા ઈમ્તિયાજ મેમણને એક નાના ટાબરિયાએ બોલાવેલ અને કહેલ કે અહી તમારી એક્ટીવા પર કાંઈ પડ્યું છે તેથી ઈમ્તિયાજ મેમણ તુરંત એક્ટીવા પાસે પહોંચેલ અનેજોતાં તેની પર લાલ રંગનો કલર ઢોળાયેલો હતો તેથી તેમને તપાસ કરી પરત દુકાનમાં આવતા તેમનું રોકડ અને દસ્તાવેજો ભરેલું લેપટોપ બેગ ગાયબ થઈ ગયેલ હતી. આ અંગે તેમને હિંમતનગર ટાઉન પોલીસમથકે જાણ કરતા પોલીસે તાત્કાલિક શોધખોળ કરવા દોડી ગઈ હતી પરંતુ કાઈ મળ્યું ન હતું.

(તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

કાતિલ ઠંડી સામે પશુ અને માનવો લાચાર

માયા કેલેન્ડર અનુસાર ૨૦૧૨ના અંતમાં પૃથ્વી પર મોટી આફત આવવાની હતી, પરંતુ સદનસીબે આપણને સૌને પરમાત્માએ બચાવી લીધા છે, જ્યારે આ વખતે શિયાળામાં વર્ષ-૨૦૧૨ના અંતમાં અને વર્ષ-૨૦૧૩ના આરંભે દુનિયામાં અનેક જગ્યાએ નાની મોટી આફત આવી ગઈ તેમાંય આ વખતે કાતિલ ઠંડીએ અનેકના ભોગ લીધા જ્યારે પાલનપુરની અંદર રેલવે સ્ટેશનની બહાર એક ભિક્ષુકે તાપણી કરી બેઠો હતો ત્યાં જ એક ગાય પણ ત્યા આવી પહોંચીને ઠંડીથી બચવા મથામણ કરતી હોય તેવું દૃશ્ય કેમેરામાં ક્લીક થયું હતું.

હિંમતનગર સબજેલનો આરોપી સારવાર દરમિયાન અમદાવાદમાં હોસ્પિટલમાંથી ભાગી જતા સાબરકાંઠામાં નાકાબંધી કરાઈ

હિંમતનગર, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ટોલટેક્ષ નાકા પરથી પાંચ મહિના ૨૧મી ઓક્ટોબર-૨૦૧૨ના રોજ સવારે એ પહેલા ૧૧ કિલો ચરસના જથ્થા સાથે ચાર જણાને એલસીબી શાખા લગ્ઝરી બસમાંથી પકડી પાડ્યા હતા અને ત્યાર બાદ આ ચારેય આરોપીને હિંમતનગર સબજેલમાં હતા જે ચાર પૈકી ઉત્તરપ્રદેશના દેવડિયા તાલુકા જિલ્લાના ભારીયાપુર ગામના ૪૯ વર્ષીય બીરસેન રામજ્ઞાનસિંગ ચૌહાણે છાતી દુખાવો થયા અંગેની ફરિયાદ કરતા જેલ વિભાગ દ્વારા ડોક્ટરી તપાસ કરાવી હતી અને તેને હાર્ટના ઓપરેશન માટે ૪ ફેબ્રુઆરી-૨૦૧૩ના રોજ હિંમતનગરથી પોલીસ જાપ્તા હેઠળ બીરસેન રામજ્ઞાનસિંગ ચૌહાણને અમદાવાદની યુ.એન. મહેતા હોસ્પિટલમાં લઈ ગયેલ જ્યાંથી બીરસેન મંગળવારની રાત્રીના ભાગી ગયો હતો જેથી પોલીસે રાજ્ય સહીત સાબરકાંઠા જિલ્લાની પોલીસે નાકાબંધી કરી હતી.

રંગપુરની પ્રાથમિક શાળાના બાળકોને તિથિભોજન પિરસાયું

સાબરકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન શાંતાબેન મનુભાઈ પટેલની પુત્રી દિશાબેનના લગ્ન નિમિત્તે હિંમતનગર તાલુકાના રંગપુર ખાતે આવેલ પ્રાથમિક શાળાના બાળકોને તિથિભોજન પિરસવામાં આવ્યું હતું. આ તિથિભોજન સમારંભ નિરીક્ષક સુરેશભાઈ પટેલ તથા શાળાના કનૈયાલાલ પટેલના સહયોગથી વ્યવસ્થા કરવામાં આવી હતી. જેનો શાળાના આચાર્ય હરિકિશન ભાવસાર તથા શાળા પરિવારે આભાર માન્યો હતો.

સાબરકાંઠા બાયડ-ગણેશપુરાની કમનસિબ ઘટનાની તપાસ યોજાશે

ગાંધીનગર, તા. ૬

ગૃહ રાજ્ય મંત્રીશ્રી રજનીભાઈ પટેલે સાબરકાંઠા જિલ્લાના બાયડ તાલુકાના ગણેશપુરા ગ્રામ પંચાયતની ચૂંટણીમાં સરપંચ પદના કોંગ્રેસ સમર્થિત હારેલા ઉમેદવાર દ્વારા તેના ટેકેદારો ઉપર શંકા કરી ઉકળતા તેલમાં હાથ નંખાવવાની ઘટનાને અત્યંત દુર્ભાગ્યપૂર્ણ અને રાજકીય દ્વેષવૃત્તિથી પ્રેરિત ગણાવી છે.

શ્રી રજનીભાઈ પટેલે કોંગ્રેસના પૂર્વ પ્રદેશ પ્રમુખશ્રી અર્જુન મોઢવાડિયાએ રાજ્યમાં ગ્રામીણ વિસ્તારોમાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ કથળી ગઈ છે તથા આ સમગ્ર ઘટનાની તપાસ માનવ અધિકાર પંચ દ્વારા થાય તેવા કરેલા નિવેદનને ઉલ્ટા ચોર કોટવાલ કો દાંટે જેવી માનસિકતાનું નિવેદન ગણાવ્યું છે. ગૃહ રાજ્ય મંત્રીશ્રી રજનીભાઈ પટેલે કહ્યું કે, રાજ્ય સરકારે તો આ કમનસિબ ઘટનાની જાણ થતાં જ ત્વરાએ પગલાં લઈ સંબંધિતો સામે પોલીસ ફરિયાદ-તપાસની કાર્યવાહી હાથ ધરવા સાથે દાઝી ગયેલા અસરગ્રસ્તોને તબીબી સારવાર માટેનો તાત્કાલિક પ્રબંધ પણ કર્યો હતો. એટલે શ્રી મોઢવાડિયા તથા બાયડના ધારાસભ્યશ્રી મહેન્દ્રસિંહ વાઘેલાએ કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી રહી છે તથા જિલ્લા તંત્રએ અસરગ્રસ્તો પ્રત્યે ધ્યાન આપ્યું નથી તેવા કરેલા આક્ષેપો બેબૂનિયાદ છે.

ડીસાની કીડ-ઝી સ્કુલમાં સ્પોર્ટસ ડે ની ઉજવણી કરાઈ હતી. જેમાં સ્પોર્ટસ કલબ ખાતે યોજાયેલ સ્પર્ધામાં દોડ, સ્કેટીંગ, સંગીત, કુસ્તી, સહીત અનેક રમતોમાં નાના બાળકોએ તેમનામાં રહેલ સુષુપ્ત શક્તિઓનું સ્ટેજપર પરફોર્મન્સ રજુ કર્યું હતું. જેમાં શાળા શિક્ષકગણ દ્વારા ભારતની જાણીતી રમત કુસ્તીના સ્પર્ધકોને ખાસ તાલીમ બધ્ધ કરાયા હતાં.

શબ્દાવલી - ૪૯૭૧



આડી ચાવી

૧. આદરભાવ (૪)
૪. પ્રશ્ન (૩)
૬. ટ્રેન (૨)
૭. એક વાદ્ય, નરસિંહ મહેતાની દોલત, એટલે ઝાંઝ અને... (૫)
૯. શ્રીરામના પિતા રાજા... (૪)
૧૨. યમરાજા (૨)
૧૪. પાકેલું, પાકુ (૩)
૧૫. ખેવૈયો, નાવિક (૪)
૧૭. દાણની ચોરીનો ધંધો કરનાર (૪)
૧૮. મનુષ્યમાં અધમ (૪)
૧૯. લાલાશ (૩)

ઊભી ચાવી

૧. ભાગ્યે જ બનતો બનાવ (૪)
૨. સરવાળો, બાદબાકી ગુણાકાર... (૪)
૩. ચોળાદાળની એક વાનગી (૨)
૪. ‘ખગ્રાસ’ શબ્દ આડોઅવળો (૩)
૫. મંડળમાં હસો ભર્યો તે (૪)
૮. ... આવવું, કંટાળવું (૨)
૧૦. એકમ-દશક... (સો) (૩)
૧૧. ઝાડનો મૂળ પછીનો ભાગ (૨)
૧૩. ચિતડુ ચોરી લેનાર (૪)
૧૪. પવિત્ર, પાક (૩)
૧૫. પ્રતિજ્ઞા (૨)
૧૬. કહાની, પ્રથા (૨)
૧૭. કિંમત, ભાવ (૨)

શબ્દાવલી ૪૯૭૦ના જવાબ

આડી ચાવી :- (૧) પોલીસ ચોકી (૫) ભંગ (૭) કનક (૮) ચડભડ (૧૦) ડફલી (૧૪) કારતક (૧૬) લોજ (૧૭) રબર (૧૮) જોશભેર (૨૦) ભારેખમ (૨૧) કટાણું (૨૨) મણા

ઊભી ચાવી :- (૧) પોકળ (૨) લીન (૩) સકળ (૪) કીચડ (૫) ભંભલી (૬) ગડ (૯) ડફણું (૧૧) પરબ (૧૨) રાંક (૧૩) હજરત (૧૪) કાર (૧૫) તરભાણુ (૧૬) લોભે (૧૮) જોખમ (૧૯) શમણા

ડીસાના વિઠોદર ગામેથી ૧.૪૬ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

ડીસા, તા. ૬

ડીસાના વિઠોદર ગામે ડીસા તાલુકા પાલીસે બાતમી આધારે એક રહેણાંકના મકાનમાં પંચો રૂબરૂ દરોડો પાડ્યો હતો. જેમાં એક ઈસમના જાત કબજામાંથી ૧.૪૬ લાખનો પરપ્રાંતીય વિદેશી દારૂ મળી આવ્યો હતો. આ મામલે પોલીસ રેડ દરમ્યાન એક ઈસમ ઝડપાયો હતો. જ્યારે બે ઈસમો પોલીસ જોઈ સ્કોરપીયો ગાડી લઈ ભાગી છુટ્યા હતાં. આ મામલે ડીસા તાલુકા પોલીસે ત્રણ વિરૂધ્ધ પ્રોહિબીશન એકટ તળે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરેલ છે.

આ અંગેની મળતી વિગતો જોતા ડીસા તાલુકાના વિઠોદરગામે રહેતાં નારખાનજી રાયચંદજી ઠાકોર પોતાના રહેણાંકના મકાનમાં પરપ્રાંતિય વિદેશી દારૂનો જથ્થો રાખી વેચાણ કરતા હોવાની બાતમી ડીસા તાલુકા પી.આઈ. પી.એચ. ગૌસ્વામીને મળી હતી. જે આધારે તેઓ દ્વારા પોલીસ ટીમ સાથે પંચા રીખી વિઠોદર ગામે રહેતા નારકાનજી ઠાકોરના કબજા ભોગવટાવાળી જગ્યામાં દરોડો પાડી તપાસ હાથ ધરાઈ હતી. જેમાં વિવિધ માર્કાના પરપ્રાંતિય દારૂની ૧૪૫૪ બોટલો મળી આવી હતી. જેની કિંમત રૂા. ૧.૪૬૦૦૦ની ગણી પોલીસે નારખાનજી ઠાકોરની પ્રોહિબીશન એક્ટ તળે ધરપકડ કરી હતી. જેમાં આ રેડ દરમ્યાન એક સ્કોરપીયો ગાડી લઈ આવેલા અને આ ગુનાના કામમા સંડોવાયેલા બે ઈસમો હરજી વરસંગજી ઠાકોર રહે. વિઠોદર તા. ડીસા. તેમજ પ્રહલાદ અમિચંદ ઠાકોર રહે. મેવાડા. તા. ધાનેરાવાળાઓ પોલીસ જોઈ ભાગી છુટ્યા હતાં. જેને ઝડપી પાડવાં ડીસા તાલુકા પોલીસે ધનીષ્ઠ તપાસ હાથ ધરેલ છે.

કાપ દરખાસ્તો

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

તેમણે એવો દાવો કર્યો હતો કે ગુજરાતમાં ભાજપ શાસિત મહાનગરપાલિકાઓએ વેરાનો બોજ પ્રજા પર વધાર્યો છે જ્યારે ગાંધીનગર મહાનગરપાલિકાની કોંગ્રેસની સ્ટેન્ડીંગ કમિટીએ કોઈ પણ પ્રકારનો કરબોજ ન આવે તેની કાળજી લીધી છે.

શ્રી પ્રવિણ પટેલે જણાવ્યું હતું કે એડવાન્સ ટેકસ ભરનાર કરદાતાને રાહત આપવાની જોગવાઈ કરવાની ભલામણ તેમજ થિયેટરો પાસેથી મનોરંજન કરની વસુલાત અસરકારક બનાવવા, સીટી બસના સંચાલન માટે નવા કરારની તરફેણ આજની બેઠકમાં કરાઈ છે.

મિલ્કત વેરાની અસરકારક વસુલાત માટે ૧૮ ટકા દંડનીય વ્યાજ વસુલવા માટે પણ ભલામણ કરવામાં આવી છે. આ ઉપરાંત વેટની આવકમાંથી પણ કોર્પોરેશનને ગ્રાન્ટ પેટે રકમ મળે તેવા પ્રયાસો કરવા કમિશનરને જણાવવામાં આવ્યું છે.

સમાધિ અને દફનવિધિ માટે અલગ જગ્યા ફાળવવા રાજય સરકારમાં રજુઆત કરાશે તેમ જણાવી તેમણે ઉમેર્યું હતું કે શહેરમાં ટ્રાફિક મેનેજમેન્ટ માટે ગૃહ વિભાગ સાથે કમિશનરશ્રી અલગથી બેઠકો કરી અકસ્માતોનું પ્રમાણ ઘટે તે જોવા જણાવાયું છે.

શ્રી પ્રવિણ પટેલે સ્ટ્રીટ વેન્ડર પોલીસીનો અમલ કરવા તેમજ રંગમંચોને મહાનુભાવોના નામ સાથે જોડવા માટેની ભલામણ પણ આજની સ્ટેન્ડીંગ કમિટીએ કરી હોવાનું જણાવ્યું હતું.

તેમણે કોર્પોરેશન માટે બંધારણીય અધિકારીઓની જગ્યાઓ તાકીદે ભરવામાં આવે તેવી ઉગ્ર લાગણી આજની બેઠકમાં વ્યકત થઈ હોવાનું જણાવ્યું હતું.

આવાસોની કંગાળ હાલત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ટકા મકાનોમાં માંડ રીનોવેશનની કામગીરી હાથ ધરાઈ હોવાનો અંદાજ છે. આવા સંજોગોમાં શહેરના સરકારી આવાસોમાં છાશવારે છતમાંથી પોપડા ખરતા હોવાના કિસ્સાઓ પ્રકાશમાં આવતા વસાહતીઓની સલામતી જોખમાઈ છે. પ્રધાનો ઉપરાંત અફસરોના બંગલા પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે ત્યારે આમ નાગરિકો અને કર્મચારીઓના પરિવારજનોને માથે સલામત છત પણ નસીબ ન થતી હોવાની દયનીય સ્થિતિ સર્જાઈ છે. દાયકાઓના અંતે જાળવણીના અભાવે કંગાળ અને ભયજનક ભાસતા આવાસોની દરકાર લેવાની વાત તો દૂર પણ સુવિધા કેન્દ્રો ખાતેથી વસાહતીઓની નાની-મોટી ફરિયાદોનું પણ નિરાકરણ આવતું નથી.

ફ્લોરીંગ બનશે.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિકસાવવા તેમજ સ્પોર્ટસ અને હેલ્થ કલબને લગતી હાઈટેક સુવિધાઓ ઉભી કરવા અત્યાર સુધી રૂ. ૧૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. જીમખાનાના વિકાસ માટે પ્રથમ તબક્કામાં ઉભા કરાયેલ નવિન બિલ્ડીંગમાં ટ્રેનીંગ સેન્ટર, કેન્ટીન, સ્વીમીંગ પુલનું નિર્માણ કરાયું છે. ફરતે સી મેપમાં ત્રણ બિલ્ડીંગનું કામ હાથ ધરાયું છે. જેમાં બાથ શાવર, ચેન્જીંગ રૂમ ઉપરાંત વ્યુંઈગ ગેલેરીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત જીમ અને લાયબ્રેરી પણ તૈયાર કરી દેવાયા છે. જીમમાં લેડીઝ અને જેન્ટસ માટે સોનાબાથ અને સ્ટીમબાથની સુવિધા પણ ઉભી કરવામાં આવી છે. વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર જીમખાનામાં અન્ય જરુરી આનુસંગિક સુવિધાઓ ઉભી કરવા બીજા તબક્કામાં પણ રૂ. ૫ કરોડના ખર્ચે કામગીરી હાથ ધરાશે. આગામી સમયમાં ટેન્ડર પ્રક્રીયા હાથ ધરી સ્કેટીંગ રીંગ ઉપરાંત બેડમિન્ટન અને ટેબલ ટેનિસ માટે ઓલમ્પિક પેટર્ન મુજબ ફ્લોરીંગ સહિતનું કામ હાથ ધરાશે. આ ઉપરાંત જીમખાના સંકુલમાં જરુરી ઠેકાણે સી.સી.ટી.વી. કેમેરા પણ લગાવાશે. જ્યારે નેટના જોડાણ સહિત જરુરી ઈલેકટ્રીફીકેશનની કામગીરી પણ પૂર્ણ કરાશે. આ સઘળી કામગીરી આગામી બે મહિનામાં પૂર્ણ કરી દેવાશે. જીમખાનાને આધુનિક સુવિધાઓથી સજ્જ કરવા અંદાજિત રૂ. ૧૫ કરોડનો ખર્ચ થાય તેવી સંભાવના છે.

ફીમાં હિસ્સો આપો

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ઝડપી બન્યો છે. ત્યારે શહેરી ગરીબ અને પછાત વિસ્તારના વિકાસ કાર્યોમાં રૂ. ૫૦ લાખનો વધારો આજની બેઠકમાં સૂચવી અમે સૌને વિકાસમાં સરખે હિસ્સાની ભાગીદારી આપવા માંગીએ છીએ.

આ ઉપરાંત નાગરિક સુવિધા કેન્દ્ર તેમજ મનપાના મકાનમાં સીસીટીવી કેમેરા લગાવી વહીવટને પારદર્શક બનાવવાનો અમારો અભિગમ છે એટલે જ રૂ. બે લાખની જોગવાઈ સૂચવી છે.

ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ
ગ્લોક નં. ૧૭, ૪થો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર

ટેન્ડર નોટીસ

નિગમનું સાહિત્ય કુરીયર મારફતે મોકલવા માટે રસ ધરાવતી એજન્સીઓ પાસેથી ટેન્ડર દરખાસ્ત તા. ૧૪/૨/૨૦૧૩ બપોરના ૨-૦૦ કલાક સુધીની સમય મર્યાદામાં મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડર ફોર્મ તેમજ વધુ માહિતી નિગમના ઉપર જણાવેલ સરનામે કચેરી સમય દરમિયાન ઉપલબ્ધ થઈ શકશે.

મેનેજર (માર્કેટીંગ)